Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2582–046X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

# ગુજરાતના ફકિરી નેતા ઇન્દુલાલ યાજ્ઞિક

**Rupa Kanudan Gadhavi**
PhD Scholar in Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University
Navrangpura, Ahmedabad – 380 009
Email ID : roopapoojagadhvi@gmail.com

## સારાંશ

ભારતદેશની આઝાદીમાં ઘણા નેતાઓનો ફાળો રહ્યો છે.તેમાં ઇન્દુલાલ યાજ્ઞિકનું ઘણું મોટું યોગદાન રહેલું છે. ઇન્દુલાલ યાજ્ઞિક ને એક ફકીરી નેતા માનવામાં આવે છે.તેમને પોતાના દેશની સેવા માટે દિવસ રાત જોયા નથી.ઇન્દુલાલ યાજ્ઞિક એ મહાગુજરાત આંદોલનમાં મોટો ફાળો આપ્યો છે.તેઓ એની બેસન્ટ થી પ્રભાવિત હતા.ઇ.સ 1915 યંગઈન્ડિયા અંગ્રેજી મેગેઝીનની શરૂઆત કરી. ઇ.સ 1918 માં ગાંધીજી સાથે ખેડા સત્યાગ્રહમાં ભાગ લીધો હતો.ત્યારબાદ ઇ.સ 1936 માં ઓલ ઈન્ડિયા કિસાન સભાની પહેલ કરી.ઇ.સ 1939 માં ગુજરાત કિસાન પરિષદની સ્થાપના કરી.ત્યારબાદ ઇ.સ 1956 માં મહાગુજરાત આંદોલનની આગેવાની લીધી હતી.

અમદાવાદ ખાતે લાલદરવાજા શહીદી સ્મારકનું સંચાલન કર્યું.તેમનું મહત્વનું કર્યા જો કોઈ હોય તો તે તેમની આત્મકથા લેખનનું છે.જે 1 થી 6 ભાગમાં આલેખાયેલી છે.(1)જીવન વિકાસ -1955 (2)ગુજરાત માં નવજીવન -1955 (3)કરવો (કેદ)1956 (4)જીવન સંગ્રામ (જીવન સંઘર્ષ)1969 (5)કિસાન કથા -1971 (6)છેલ્લા વાહન-1973 તેમને આત્મકથા ની અંદર ગુજરાત ના દુષ્કાળો , આંદોલનો , પરિષદો, સભાઓ , ઠરાવો , ભાષણો, તેમની સાથે જોડાયેલી વ્યક્તિઓ ની માહિતી આપે છે. આ આત્મકથા ઓ માથી આપણ ને રાજકીય, સામાજિક, સાંસ્કુતિક , આર્થિક, ઇતિહાસ જાણવા મળે છે. ઘણા ઇતિહાસકારો એ ઇતિહાસ લખવામાં ઇન્દુલાલ યાજ્ઞિક ની આત્મ કથા નો સાધન તરીકે ઉપયોગ કર્યો છે. તેમની પ્રતિમાનું અમદાવાદ ખાતે નેહરુબ્રિજ ના ગાર્ડન માં આરોપણ કરવામાં આવ્યું છે. ઇન્દુલાલ યાજ્ઞિક નું વી.એસ હોસ્પિટલ માં 17 જુલાઇ 1972 માં મૃત્યુ પામ્યા હતા.

આપણાં ભારતદેશને આઝાદી અપાવવા માટે અનેક નેતાઓએ પોતાના બલિદાન આપ્યા છે.જેવાકે મહાત્મા ગાંધી ,સરદાર વલ્લભભાઈ પટેલ ,જવાહરલાલ નહેરુ ,સરોજિની નાયડુ ,ભગતસિંહ અને ઇન્દુલાલ યાજ્ઞિક જેવા અનેક નેતાઓ એ ભારતદેશ ની આઝાદી માં ફાળો આપ્યો છે. 26 મી જાન્યુઆરી 1947 માં આપણો ભારતદેશ આઝાદ થયા પછી અલગ ગુજરાત રાજ્ય માટે મહાગુજરાત ચળવળ માં જો કોઈ નો મોટો ફાળો રહ્યો હોય તો તે ઇન્દુલાલ યાજ્ઞિક છે .મહાગુજરાત ને મેળવવા માટે ઇન્દુલાલ યાજ્ઞિકે ખૂબ મહેનત કરી હતી. આવા ઇન્દુલાલ વિશે માહિતી આપણે મેળવવી ખૂબ

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

જરૂરી બને છે.આવા શૂરવીર નેતાઓના ઘડતર પાછળ કોઈ ને કોઈ જવાબદાર પરિબળો રહેલા હોય છે.

ઇન્દુલાલ યાજ્ઞિકનો જન્મ 22 ફેબ્રુઆરીએ 1892 માં નડિયાદ થયો હતો.તેમના પિતાનું નામ કનૈયાલાલ યાજ્ઞિક હતું.ઇન્દુલાલ નાના હતા ત્યારે જ તેમના પિતાનું નિધન થયું હતું.ઇન્દુલાલે નડિયાદ માં પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ પૂર્ણ કર્યું અને .ઇ.સ 1906 માં મેટ્રિક પરીક્ષા પાસ કરી.ત્યાર બાદ તેમણે ઇન્ટર મિડિયેટ પરીક્ષા પાસ કરી અને સેન્ટ ઝેવિયર્સ કોલેજ બોમ્બે માં પ્રવેશ મેળવ્યો અને ત્યાથી બી.એ ની પરીક્ષા પાસ કરી.

ઇન્દુલાલ યાજ્ઞિક તેમના કોલેજના દિવસો દરમિયાન એની બેસન્ટ થી ખૂબ જ પ્રભાવિત હતા.ઇ.સ 1915 માં જમનદાસ દ્વારકાદાસ ,શંકરલાલ બેન્કર સાથે તેમણે બોમ્બે તરફ થી અંગ્રેજી ભાષા માં મેગેઝીન યંગ ઈન્ડિયા પ્રકાશિત કર્યું. એજ વર્ષે નવજીવન અને સત્ય નું પ્રકાશન પણ શરૂ થયું .ઇન્દુલાલ યાજ્ઞિક ઇ.સ. 1919 સુધી તેના સંપાદક રહ્યા હતા ત્યારબાદ તેમણે મહત્મા ગાંધી ને સોપી દીધું.ઇન્દુલાલે ગાંધીજી પાસે થી શ્રુતલેખન લીધા બાદ યરવડા જેલ માં ગાંધીજીની આત્મકથા ના પહેલા 30 પ્રકરણો લખ્યા હતા.તે જ વર્ષે સેવક ઓફ ઈન્ડિયા સોસાયટી માં જોડાયા.પાછળ થી તેમણે રાજીનામું આપી દીધુ ઇ.સ.1918 માં ગાંધીજીની આગેવાની હેઠળ ખેડા સત્યાગ્રહમાં ભાગ લીધો.ઇ.સ 1921 માં તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સભ્ય હતા.ઇ.સ 1936 માં ઓલ ઈન્ડિયા કિસાન સભાના નિર્માણ માં તેમણે પહેલ કરી .ઇ.સ.1939 માં ગુજરાત પરિષદ ની સ્થાપના કરી.ત્યારબાદ ઇ.સ 1956 માં ઇન્દુલાલ યાજ્ઞિકે મહાગુજરાત જનતા પરિષદ ના સ્થાપક પ્રમુખ બન્યા.મહાગુજરાત જનતા પરિષદ ના ઉમેદવાર અમદાવાદના મતક્ષેત્ર માથી બીજી લોકસભામાં ઇન્દુલાલ ચૂંટાયા . 4 વર્ષ ના સમયગાળા બાદ 1 મે 1960 માં ગુજરાત રાજ્યની સ્થાપના રવિશંકર મહારાજે કરી .નૂતન મહાગુજરાત જનતા પરિષદની સ્થાપના થઈ અને ઇ.સ 1962 માં તેના ઉમેદવાર તરીકે ત્રીજી લોકસભામાં પણ ઇન્દુલાલ પુનઃ ચૂંટાયા હતા.

## ઇન્દુલાલયાજ્ઞિક નો ગુજરાતી સાહિત્ય માં રહેલો ફાળો:

ઇન્દુલાલ યાજ્ઞિક નો ગુજરાતી ભાષામાં સૌથી નોધપાત્ર કાર્ય કર્યું હોય તો તેમની લખેલી આત્મકથા છે. જેના 1થી 6 ભાગ છે.અને 2000 પાનાં માં આલેખાયેલી છે તે પોતે આત્મકથા માં નોધે

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

છે કે હું આત્મકથાનો નાયક નથી તેમણે સમગ્ર ગુજરાતની જનતા ને કેન્દ્ર માં રાખી ને આત્મકથા લખવાનું કાર્ય કર્યું છે.(1)જીવનનો વિકાસ(1955) (2)ગુજરાતમાં નવજીવન(1955) (3)કરવો (કેદ)(1956) (4)જીવન સંગ્રામ(1969) (5)કિસાન કથા(1971) (6) છેલ્લા વહેણ(1973)

આ આત્મકથાની અંદર ગુજરાતનો સામાજિક ,રાજકીય ,સાંસ્કુતિક ,આર્થિક ઇતિહાસનું આલેખન સારી રીતે કર્યું છે.આ આત્મકથા માં તેમણે રાજકારણ સાથે અથવા સામાજિક ક્ષેત્રે જોડાયેલી ઘણી બધી વ્યક્તિઓના વ્યક્તિચિત્રો નો ઉલ્લેખ કર્યો છે.એટ્લે એમ કહી શકાય કે આ આત્મકથા એક એતિહાસિક સાધન બની રહે છે. ઘણા સંશોધકો તેમજ ઈતિહાસકારો એ આ આત્મકથા નો ઉપયોગ એતિહાસિક સાધન તરીકે પણ કરેલો છે.

## ઇન્દુલાલયાજ્ઞિકે રચેલી ગુજરાતી કવિતાઓ:

- રાષ્ટ્રજેટ દેશ ભક્તિનો કાવ્યસંગ્રહ
- ભારતમાં કૃષિ વિક્ષેપ

## ઇન્દુલાલયાજ્ઞિકે રચેલા નાટકો

- આશા –નિરશા ગુજરાતી બારડોલી માં સત્યાગ્રહની ચળવળ દર્શાવતુ નાટક
- રાસેસા ગ્રામ (ત્રણ નાટકોનો સંગ્રહ)
- શોભારામની સરદારી
- વરઘોડો (નારિવાદ પર નાટક)

## ઇન્દુલાલ યાજ્ઞિક નો પત્રકારતત્વ ક્ષેત્રે ફાળો :

તેમણે યંગ ઈન્ડિયા ,નવજીવન ,અને સત્ય અને યુગધર્મ ,મુંબઈ સમાચાર ,નૂતન ગુજરાત ,બોમ્બે ક્રોનીકલ,હિંદુસ્તાન સહિત ના સામયિકોની શરુઆત કરી હતી.

## ઇન્દુલાલ યાજ્ઞિકનું ફિલ્મક્ષેત્રે પ્રદાન:

ઇંદુલાલે દસ કરતાં પણ વધુ ફિલ્મોનું નિર્માણ કર્યું છે.(1) પાવાગઢ ના પાટણ (1928) (2) કાલી કોઈ એક્કો (3) કાશ્મીર ગુલાબ (3) યંગ ઈન્ડિયા (4) રક્ષાપત રખપત જેવી ફિલ્મ નિર્માણ કરી હતી.

E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

**અદભૂત લોકચાહના મેળવનાર ઇન્દુલાલ યાજ્ઞિક** : કામદારો અને કિસાનસભા માટેની અહિંસક લડત ને વેગ આપ્યો. મહાગુજરાત આંદોલન શરૂ કરનારા ઇન્દુલાલ યાજ્ઞિકની લોકપ્રિયતાની ચર્ચા કરવી હોય તો તેમના દ્વારા આપવામાં આવતા જનતાકરફ્યુના કોલને યાદ કરવું પડે અને સભામાં કોઈ ચકલું પણ ફરકે નહીં .

મહાગુજરાત આંદોલન ચાલતું હતું.ત્યારે મોરારજી દેસાઇ પોતે ગુજરાત કોંગ્રેસના સર્વોચય નેતા હતા.અને તે વખતે મોરારજી દેસાઇની જાહેરસભા માં કાગડા ઊડ્યાં હતા.તેનું કારણ ઇન્દુલાલ યાજ્ઞિકની જનતા કરફ્યુની હાંકલ હતી .આવો જ અનુભવ ભારતના વડા પ્રધાન નહેરુ ને પણ થયો હતો.તેઓ મહાગુજરાતના આંદોલન હેઠળ અલગ ગુજરાત માંગણીના વિરોધી હતા.નહેરુજી એ ઇન્દુલાલ યાજ્ઞિકની સમાંતર સભા યોજી હતી.ત્યારે રિક્ષાવાળા ભાંડુ આપવા છતાં પણ ઉતારુઓને નહેરુની સભામાં લઈ જવા તૈયાર ન હતા.અને તેની સામે ઇન્દુલાલ યાજ્ઞિકની સભામાં વગેર પૈસે એ ઉતારુંઓ ને સભા માં લઇ જતા.ઇન્દુલાલ યાજ્ઞિક રિક્ષાવાળા ના પ્રિય હતા. નહેરુજીની સભા કરતાં પાંચ ગણા લોકો ઇન્દુલાલ યાજ્ઞિકની સભામાં હતા.આ જોઈને નહેરુજી પણ વિચારમાં પડી ગયા હતા. ઇન્દુલાલ યાજ્ઞિક મુખ્ય પદ પર પણ પહોચી શકે તેવા હતા.પરંતુ તેમને પદમાં નહીં પરંતુ પ્રજાના કલ્યાણ માં જ રસ હતો.

ગુજરાતમાં ગાંધીજી ,સરદાર વલ્લભ ભાઈ પટેલ પછી સૌથી વધુ લોકચાહના મેળવનાર હોય તો તે ઇન્દુલાલ યાજ્ઞિક હતા.ગુજરાતની પ્રજા હમેશા માટે ઇન્દુલાલ યાજ્ઞિકની ઋણી રહેશે.ઇન્દુલાલ યાજ્ઞિક ધીમે ધીમે રાજકારણ માંથી સામાજિક કર્યો સાથે જોડાવા લાગ્યા.અને ઇ.સ 1972 માં મોંઘવારી અને ભરષ્ટાચાર વિશે ભાષણ હોય તેવું માનવમાં આવે છે.

ઇન્દુલાલ યાજ્ઞિકે સ્થાપેલાં નેનપુર આશ્રમ ખાતે પણ લોકો નું ધ્યાન દોરવું જરૂરી બને છે,તેમણે દલિત શાળાઓ બનાવી, અમદાવાદ માં નહેરુબ્રિજ પાસે આવેલા બાગમાં ઇન્દુલાલ યાજ્ઞિકની પ્રતિમા મૂકવામાં આવેલી છે જે ભાગ્યેજ કોઈને ખબર હશે.17 જુલાઇ 1972 માં વી .એસ હોસ્પિટલ ખાતે તેમનું નિંધન થયું હતું.

Ansh - Journal of History
A Peer Reviewed International Refereed Journal
E-ISSN No. 2 5 8 2 – 0 4 6 X
International Journal for Research in Applied History
Website : www.anshjournal.com

# સંદર્ભસૂચિ

1. ગાંડિત જયંત "ઇન્દુલાલ યાજ્ઞિક લેખ"ગુજરાત સાહિત્ય પરિષદ (નેટ)
2. GGN(Globel gujart news)"indulal yagnik pioneer member of mahagujarat movement.1 May 2012.
3. India news "Auto biogaraphy of Gujarat .s .founding father to be reprinted.24 june 2011.
4. India news "Gujarat pays fitting tribute to indulal yagnik ".26 june 2011.
5. Vasil Ashis "Reprint of indulal yagnik 's' Auto biography set for relase"Times of india ".24 june 2011.